9/17/26, 10:12 AM 20260917-6aaaf6bb9f6df5762856-17092026_BVN-17.jpg (2800Ṙ3974)

જિલ્લાના ૪ તાલુકામાં ઝાપટું વરસ્યું, અન્યત્ર મેઘવિરામ

ભાવનગર, બુધવાર

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે. આજે બુધવારે જિલ્લાના છ તાલુકામાં મેઘવિરામ વચ્ચે ઉઘાડ નીકળ્યો હતો. ઘોઘામાં બપોરે ૧૨ વાગ્યા બાદ ઝાપટાંરૂપે ત્રણ મિ.મી. પાણી વરસી ગયું હતું. સિહોરમાં સાંજના સમયે મેઘરાજાએ હાજરી નોંધાવી સાત મિ.મી. વરસાદ વરસાવ્યો હતો. પાલિતાણામાં રાત્રે ચાર મિ.મી. મેઘમહેર થઈ હતી. ભાવનગરમાં આખો દિવસ મેઘવિરામના કારણે મહત્તમ તાપમાન ૨.૧ ડિગ્રી ઉંચકાઈને ૩૩.૯ ડિગ્રીએ પહોંચી ગયું હતું. રાત્રિના સમયે એક મિ.મી. ઝાપટું વરસી ગયું હતું.

સિહોરમાં દેશી દારૂની ભઠ્ઠી પર પોલીસનો દરોડો

શિહોર, બુધવાર

શિહોરના જેરામીયા તળાવ વિસ્તારમાં રહેણાંક મકાનમાં ગેરકાયદેસર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચાલી રહી હોવાની બાતમીના આધારે શિહોર પોલીસે દરોડો પાડ્યો હતો. રેડ દરમિયાન સ્થળ પરથી ૧૦૦ લીટર આથો, ૨૦ લીટર દેશી દારૂ, બાઇક, મોબાઇલ અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ.૪૧,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. વામન ઉર્ફે રમેશ પરમાર હાજર મળી આવ્યો ન હતો. પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તસ્કરો સોના-ચાંદીના આભૂષણો ચોરી ફરાર

બરવાળાના મુંગલપુર મેલડી માતાજીના મંદિરમાં ૧૪.૧૫ લાખની ચોરીની પોલીસ ફરિયાદ

ભાવનગર, બુધવાર

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં આવેલ પ્રસિદ્ધ મુંગલપુર મેલડી માતાજીના મંદિરમાં તસ્કરોએ ત્રાટકીને લાખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના તથા પૂજાની સામગ્રીની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

અજાણ્યા તસ્કરોએ રાત્રિના સમયે મંદિરનું તાળું તોડી ૫ કિલો ચાંદી, માતાજીનો શણગાર અને પૂજાનો સામાન ઉઠાવ્યો

મળતી માહિતી મુજબ, ગત તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ની રાત્રિના ૨૩.૩૦ વાગ્યાથી તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના વહેલી સવારના ૦૪થ૦૦ વાગ્યા દરમિયાન અજાણ્યા ચોરોએ મંદિરના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો મંદિરમાંથી માતાજીના શણગારના સોના-ચાંદીના આભૂષણો તેમજ આશરે ૫ કિલોગ્રામ જેટલી ચાંદીની પૂજાની વિવિધ વસ્તુઓ મળી કુલ રૂ. ૧૪,૧૫,૦૦૦ની મિલકત ચોરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે બરવાળાના રહીશ અને ખેડૂત અજીતસિંહ ભીમુભાઈ ડાભીની ફરિયાદના આધારે બરવાળા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ ની વિવિધ કલમો હેઠળ અજાણ્યા શખસો સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

યુવકનું કારમાં અપહરણ કરી ઢોર માર મારનારા બે શખ્સ ઝબ્બે

ભાવનગર, બુધવાર

ભરતનગરના બે માળીયા વિસ્તારમાં રહેતા સાહિલ બેલીમ નામના યુવકનું ફોન પરની મસ્તીની શંકા રાખી લાલજી જોગરાણા અને રવિ કસોટીયાએ કારમાં અપહરણ કર્યું હતું. બન્ને શખ્સે યુવકને કારમાં ફેરવી લાકડીઓ વડે ઢોર માર મારી ફેંકી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા સાહિલને બંને પગ અને હાથમાં ફેક્ચર થતાં હોસ્પિટલ ખસેડાયો હતો. આ બનાવ સંદર્ભે ભરતનગર પોલીસે લાલજી જોગરાણા અને રવિ કસોટીયાને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલિતાણામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા ૬ ઈસમ ઝડપાયા

ભાવનગર, બુધવાર

પાલીતાણાની પરીમલ સોસાયટીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ઘોડીપાસા વડે જુગાર રમતા હારૂન હુંસેનભાઈ સોંલંકી, મુસ્તુ ઈબ્રાઈમભાઈ મહેતર, મહેબુબ સૈયદભાઈ મોરખ, મિતુલ સાદુળભાઈ પરમાર, મેહુલ મેઘાભાઈ પરમાર, ઈમરાન મુસાભાઈ લાખાણીને ટાઉન પોલીસે છાપો મારી ઝડપી લીધા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ રૂ. ૧૫,૨૭૦ અને ઘોડીપાસાની કુકરી કબ્જે કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બોટાદ શહેરમાં તાજેતરમાં પર્વાધિરાજ પર્યુષણની શાનદાર ઉજવણી સાથે રજવાડી ઠાઠથી તપસ્વીઓના પારણા કરાવવામાં આવ્યા હતા. આ સાથે અત્રે પરમાત્માની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં શાસન સમ્રાટ આચાર્ય વિજય નેમિસૂરી મહારાજાના પન્યાસ ચારિત્રસેન મહારાજ, મુની જૈન દર્શન મહારાજ, મુની જીનશાસન તેમજ સકલ સંઘના શ્રાવક અને શ્રાવિકાઓ તેમજ બહારગામથી આમંત્રિત મહેમાનો ભકિતમય માહોલમાં ઉત્સાહભેર જોડાયા હતા. (તસવીર, વિપુલ બગડીયા, બોટાદ)

રહીશોને સાથે રાખી વિપક્ષનો અનોખો વિરોધ

સિહોરમાં ગંદકી મામલે ન.પા.માં કચરો ઠાલવીને રામધૂનનું ગાન

સિહોર, તા.૧૬

સિહોરમાં નિયમિત સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય ફેલાયો છે. ન.પા. તંત્ર અને ભાજપના સત્તાધીશોની જોહુકમીને કારણે લોકોનું આરોગ્ય જોખમાઈ રહ્યું છે, આ મામલે સ્થાનિકોને સાથે રાખી વિપક્ષ કોંગ્રેસે નગરપાલિકા કચેરીમાં કચરો ઠાલવી રામધૂન બોલાવી હતી.

મામલો ગરમાતા પોલીસ દોડી ગઈ, ૧૪ લોકો સામે અટકાયતી પગલા લેવાયા

સિહોરમાં વોર્ડ નં.૭ના રહિશો અને વિપક્ષના નેતા સહિતનાઓએ આજે બુધવારે ન.પા. ઓફિસે જઈ કચરાના ઢગલા ખડકી શાસકો ભેદભાવ ભરી નીતિ અપનાવી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. આ અનોખા વિરોધ પ્રદર્શનમાં ભાજપ વિરોધી હાય..હાય..ના નારી લગાવી રામધૂન બોલાવાઈ હતી. આ ઉપરાંત 'ગામમાં રોગચાળો ફેલાઈ અને દીવડા જગમગ થાય, મોદીનો જન્મદિવસ ઉજવાઈ અને પાલિકા ઉકડા ઉપાડ, સાફસફાઈ થાય' તેવા ગીતો ગાયા હતા. આ વિરોધ પ્રદર્શન અને ધરણાં દરમિયાન મામલો ઉગ્ર બનતા પોલીસે સ્થળ પર દોડી જઈ ૧૪ લોકોની સામે અટકાયતી પગલા લીધા હતા. વિવાદ વકરતા બન્ને પક્ષ પોલીસ મથક સુધી પહોંચ્યો હતો.

નવાગામ પ્રા.શાળામાં નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાયો

ભાવનગર, બુધવાર

રણછોડબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા તાજેતરમાં નવાગામ પ્રાથમિક શાળા અને ગ્રામ પંચાયતના સંયુક્ત ઉપક્રમે નવાગામ પ્રા.શાળામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આચાર્ય રાજુભાઈ જાનીના સંકલન સાથે આયોજિત આ કેમ્પમાં ડો.અલ્કેશભાઈ ખેરડીયાએ સેવા આપી હતી. આ કેમ્પનો ૩૫ દર્દીઓએ લાભ લીધો હતો. જે પૈકી જરૂરીયાતમંદ દર્દીઓને મોતીયાના ઓપરેશન માટે સંસ્થાની હોસ્પિટલમાં મોકલવામાં આવશે.

ગણેશ ઉત્સવ

ગોળીબાર રામદરબાર

મૂળ સંસ્થા દ્વારા તા. ૧૭ ને ગુરૂવારે રાત્રે ૯ થી ૧૧ શેત્રુંજય રેસીડન્સી, ૬ પાર્થ સોસાયટી, જીએમડીસી કવાર્ટર પાસે, દેવરાજનગર રોડ, નંદકુંવરબા કોલેજની પાછળ, ભરતનગર પોલીસ સ્ટેશન પાસે, ભરતનગર, ભાવ.ખાતે સંગીતમય સંકિર્તન રાખેલ છે.

મેઘાણી સર્કલ

મહાકાળી મિત્રમંડળ ટ્રસ્ટ દ્વારા શહેરના મેઘાણી સર્કલમાં આયોજિત નવમાં સાર્વજનિક ગણેશ ઉત્સવ દરમિયાન તા. ૨૫ ને ગુરૂવારે કાનગોપીનો કાર્યક્રમ રાખેલ છે.

રસીક સંકિર્તન મંડળ

મંડળના ભજન ગણેશ ઉત્સવ નિમીત્તે તા.૧૭ ને ગુરૂવારે રાત્રે ૯ થી ૧૨ કૃષ્ણ ટાઉનશીપ સોસાયટી, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર ખાતે રાખેલ છે.

ક્રિષ્ના મહિલા મંડળ

મંડળના ભજન ગણેશ ઉત્સવ નિમીત્તે તા.૧૭ ને ગુરૂવારે સાંજે ૫ થી ૭ રૂપાણી વળીયા હોસ્પિટલની સામે, નીરનાદ ફલેટ નં.ટી ૬ બી વીંગ, ચોથા માળે, ભાવનગર ખાતે રાખેલ છે.

સમાચારો સંક્ષિપ્તમાં

ધંધુકામાં વરસાદી પાણીનો નિકાલ કરાયો

ધંધુકા, તા.૧૬

ધંધુકા શહેરમાં જી.ઈ.બી.ની પાસે આવેલા પ્રસિધ્ધ રોકડીયા હનુમાનજીદાદાના મંદિર અને સેન્ટારિયામાં તાજેતરમાં ભારે વરસાદથી પાણી ભરાઈ જતા દાદાની મૂર્તિ પાણીમાં ડૂબી ગઈ હતી. તો વળી બીજી તરફ સેન્ટારિયા વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી ગટરના પાણી પાછા આવવાના કારણે બે થી ત્રણ મકાનોમાં ગંદા પાણી ભરાઈ જતા સ્થાનિકો ભારે હેરાન થઈ ગયા હતા. આ અંગે જાણ કરાતા મંદિરના પૂજારી અને સેન્ટારીયાના લોકોએ વોર્ડ નં.૨ ના અપક્ષ સદસ્ય ભદુભાઈ અગ્રવાતે અધિકારીઓ અને આર.પી.એફ.ને રૂબરૂ મળી મંજૂરી મેળવી જે.સી.બી.થી કેનાલ સાફ કરી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

સહજાનંદ કોલેજમાં તાલીમ વર્કશોપ યોજાયો

ભાવનગર, બુધવાર

મંઝિલ ફાઉન્ડેશન અને ઈથોસ ફાઉન્ડેશનના શિલ્પ પ્રોજેક્ટ અંતર્ગત એચ.સી.જી. હોસ્પિટલ દ્વારા તાજેતરમાં શહેરના સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ (ઓટોનોમસ) ખાતે સી.પી.આર.તાલીમ વર્કશોપ યોજાયો હતો. જેમાં ફાઉન્ડર નંદન માણેક તેમજ હોસ્પિટલના વિશાલ મહેતા અને ડોકટર્સની ટીમ દ્વારા સી.પી.આર. વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

પીજીવીસીએલના ચીફ એન્જિનિયરને વિદાયમાન

ભાવનગર, બુધવાર

ભાવનગર પી.જી.વી.સી.એલ.ના ચીફ એન્જીનિયર એલ.કે.પરમાર વયનિવૃત થતા તેમને સન્માનવાનો કાર્યક્રમ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા તાજેતરમાં યોજાયો હતો. જેમાં ભાવનગર શહેર અને જિલ્લાના ઉદ્યોગકારો, પી.જી.વી. સી. એલ.ની વર્તુળ કચેરી હેઠળના તમામ કાર્યપાલક ઈજનેરો તથા ઝોનલ અને વર્તુળ કચેરીના નાયબ ઈજનેરો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પૂર્વ પ્રમુખ ભુપતભાઈ વ્યાસએ નિવૃતિની શુભેચ્છા પાઠવી હતી જ્યારે પ્રમુખ રવિન્દ્રભાઈ ઘેવરીયાએ તેઓનું સન્માન કર્યુ હતુ.

દિગ્વિજય દિવસની ઉજવણી નિમિત્તે વ્યાખ્યાન યોજાયું

ભાવનગર, બુધવાર

અરાઈઝ કલબ, ભાવનગર દ્વારા તાજેતરમાં શહેરની સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ (ઓટોનોમસ)ખાતે દિગ્વિજય દિવસની ઉજવણીના એક ભાગરૂપે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ડો.નિયતીબેન પંડ્યાએ સ્વામી વિવેકાનંદજીના જીવન કવન વિશે રસપ્રદ વાત કરી હતી.

શહેરમાં મેગા મેડિકલ કેમ્પ યોજાશે

ભાવનગર, બુધવાર

ભાવનગર પૂર્વના ધારાસભ્યના જન્મદિન નિમીત્તે રેડક્રોસ સોસાયટી, સર ટી. હોસ્પિટલ અને ધારાસભ્યના સંયુક્ત સહયોગથી તા.૧૭મીએ શહેરના પી.જે. વિદ્યાસંકુલ, લબ્ધી સ્કૂલ, બાલયોગીનગર-૨, ગુજરાત ગેસના પંપની સામે, રીંગરોડ, ભાવનગર ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરના નામાંકિત જનરલ ફિઝીશ્યન, ચેસ્ટ ફિઝીશ્યન, ઓર્થોપેડિક, ઈ.એન.ટી., ગાયનેકોલોજીસ્ટ, આંખના સર્જન સેવા આપશે. આ સાથે અગત્યના લેબોરેટરી રિપોર્ટસ, સ્થળ પર કાઢી આપવામાં આવશે. તેમજ લોહી, કિડની, ડાયાબીટીસની તપાસ, લીવર ફંકશન ટેસ્ટ પણ કરી અપાશે.

ભાવનગરમાં જરૂરિયાત મંદોને ૫૦૦થી વધુ સાડી અપાઈ

ભાવનગર, બુધવાર

ભાવનગરની દિકરીઓ અને જરૂરીયાતમંદ બહેનોને લગ્ન શુભ પ્રસંગે સારી સાડીઓ વિનામૂલ્યે મળી રહે અને સંપન્ન પરિવારોના ઘરમાં ઉપયોગ વગર રહેલી સારી સાડીઓ કોઈના જીવનમાં ઉપયોગી બની શકે તેવી સંકલ્પના સાથે ડો. નિયતીબેન પંડયા દ્વારા શરૂ કરવામાં આવેલ શ્રી વસ્ત્રાલય પ્રકલ્પને આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ એક વર્ષ પૂર્ણ થશે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૧૦૯૨ સાડીઓનું દાન નોંધાયુ હતુ. જેસમુહલગ્ન સહિત વિવિધ પ્રસંગોએ ૫૦૦ થી વધુ સાડીઓ જરૂરીયાતમંદ દિકરીઓ અને બહેનોને ભેટ આપવામાં આવી હતી. શહેરના પ્રમુખ ગણપતિ પંડાલોમાં કયુઆર કોડ દ્વારા સાડીદાનની વિશેષ અપીલ કરાઈ રહી છે.

એક્સપોર્ટ- ઈમ્પોર્ટ બજારો પર અસર વિષયક સેમિનાર યોજાશે

ભાવનગર, બુધવાર

સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભાવ.અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે ભૌગોલિક અને રાજકીય જોખમોની એક્સપોર્ટ- ઈમ્પોર્ટ બજારો પર અસર અંતર્ગત માર્ગદર્શન સેમીનાર તા.૨૫ ને શુક્રવારે સાંજે ૪ કલાકે ચેમ્બર સભા હોલ, ૩૧૫, સાગર કોમ્પલેક્ષ, જશોનાથ સર્કલ, ભાવનગર ખાતે યોજાશે. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે અમદાવાદના ધવલભાઈ શાહ માર્ગદર્શન આપશે. કાર્યક્રમમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે તા.૨૪ સુધીમાં રજા સિવાયના દિવસે સવારે ૧૧ થી સાંજે ૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાશે. રજીસ્ટ્રેશન નિશુલ્ક પણ ફરજીયાત છે. રજીસ્ટ્રેશન માટે નિયત મોબાઈલ નંબર પર સંપર્ક કરવા જણાવાયુ છે.

બોટાદમાં મેગા હેલ્થ અને રક્તદાન કેમ્પનું આયોજન

બોટાદ, તા.૧૬

આવતીકાલ તા.૧૭ સપ્ટેમ્બરના સવારે ૯ કલાકે સેવા મેરા યોગદાન અંતર્ગત બોટાદમાં વિવિધ આરોગ્યલક્ષીકાર્યક્રમ યોજાશે. જેમાં બોટાદનાં હિફલી સ્થિત લેઉવા પટેલ સમાજની વાડી ખાતે ૧૮થી વધુ નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા જરૂરિયાતમંદ નાગરિકોનું આરોગ્ય તપાસ, મફત નિદાન કરશે. આ કેમ્પના સ્થળ ખાતે ઈમરજન્સી અને જરૂરિયાતના સમયે રક્તની જરૂરિયાત વાળા દર્દીઓને રક્ત મળી રહેતેવા હેતુથી એક બ્લડ ડોનેશન(રક્તદાન) કેમ્પ સાથે રાખેલ છે. આ સાથે અંગદાન અંગે સમાજમાં જાગૃતિ લાવવા નોંધણી કેમ્પ રાખેલ છે.

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા હિન્દીની વિવિધ પરીક્ષા લેવાશે

ભાવનગર, બુધવાર

રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, વર્ધા દ્વારા આગામી તા.૨૬ સપ્ટેમ્બરથી હિન્દીની વિવિધ પરીક્ષાઓનો પ્રારંભ થશે. આગામી તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરના રોજ હિન્દીની વિવિધ પરીક્ષાઓ ભાવનગર જિલ્લાના ૧૧ કેન્દ્રોમાં લેવામાં આવશે. તેમજ રાષ્ટ્રભાષા રત્ન દ્વિતીય ખંડની મૌખિક પરીક્ષા તા.૨૭ મીએ સવારે ૧૦ થી ૧૨-૩૦ દરમિયાન લેવામાં આવશે.

વીજપડી રોડ રેલવે સ્ટેશનમાં એએફડીએ સિસ્ટમ કાર્યરત

ભાવનગર, બુધવાર

ભાવનગર મંડળના વીજપડી રોડ રેલવે સ્ટેશન ખાતે ઓટોમેટિક ફાયર એલાર્મ એન્ડ ડિટેકશન સિસ્ટમ (એએફડીએએસ)ને કાર્યરત કરવામાં આવી છે. આ સુરક્ષા પહેલનો ઉદ્દેશ્ય સ્ટેશન પરિસરમાં આગ જેવી આપાતકાલિન સ્થિતિનો પતો લગાવવો, તાત્કાલિક ચેતવણી આપવી અને સમયસર જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો છે. એએફડીએએસના કમિશનથી મુસાફરો અને રેલવે સંપત્તિની સુરક્ષામાં વધારો થશે તેમ ભાવનગર ડીઆરએમએ જણાવ્યું હતું.

અવંતિકા ખાતે આયોજિત ધર્મસંસદનો આરંભ

ભાવનગર, બુધવાર

યુવાનોમાં ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્રભાવના અને સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબુત બને તેમજ યુવા શકિતને રાષ્ટ્રનિર્માણની દિશામાં પ્રેરણા અને માર્ગદર્શન મળે તેવા હેતુથી સેવાજ્ઞ સંસ્થાનમ દ્વારા ઉજ્જૈનના અવંતિકા ખાતે ત્રિદિવસીય યુવા ધર્મ સંસદનો આરંભ થયો હતો. જેમાં ભાવનગર સહિત રાજયભરમાંથી ૨૦૦૦ થી વધુ યુવાનો ઉપસ્થિત રહ્યા છે. કાર્યક્રમ દરમિયાન દેશની વિવિધ ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓ દ્વારા યુવાનોને માર્ગદર્શન આપવામાં આવશે તથા ધર્મ, સંસ્કૃતિ, રાષ્ટ્રજીવન, યુવા નેતૃત્વ અને રાષ્ટ્ર નિર્માણ જેવા વિષયો પર વિચારમંથન કરવામાં આવશે. રાજયના સહસંયોજક ભાવિનભાઈ ભટ્ટ, વિજયભાઈ ખટાણા તથા સમગ્ર ટીમ આ વિચારમંથનનો લાભ લઈ રહી છે.

શહેરમાં માસિક ડાક અદાલતનું આયોજન

ભાવનગર, બુધવાર

ભાવનગર પોસ્ટલ ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ ટપાલ કચેરીઓ પરથી ઉપલબ્ધ સેવાઓને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝની કચેરી, ભાવનગર ખાતે આગામી તા.૫-૧૦ ના સાંજે ૪ કલાકે ડાક અદાલત યોજાશે. જેમાં નીતિ વિષયક અથવા સામાન્ય મુદા સિવાયની ટપાલ સેવાઓને લગતી ફરીયાદો સાંભળી નિરાકરણ કરવામાં આવશે. એક અરજીમાં એક જ વિષય, મુદાને લગતી ફરીયાદો આપવી. આ ડાક અદાલતમાં રજુ કરવાની ફરિયાદ મહેન્દ્રભાઈ એચ.મકવાણા, ફરિયાદ અધિકારી, ડીવીઝન ઓફિસ, ભાવનગરને તા.૩૦-૯ સુધીમાં મળી જાય તે રીતે સાદી ટપાલ, સ્પીડ પોસ્ટ મારફત મોકલવી અથવા રૂબરૂ આપી જવી અથવા ઈમેઈલ પર મોકલી શકાશે.

ભાવનગરમાં દિશાની બેઠક માં વિવિધ કામગીરીની સમીક્ષા

ભાવનગર, બુધવાર

ભાવનગર કલેક્ટર કચેરમાં ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજ્ય મંત્રીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લામાં સરકારની વિવિધ યોજનાઓ હેઠળ ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં પ્રગતિ હેઠળના વિકાસકાર્યો ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા, કામગીરીની સતત દેખરેખ રાખવા તેમજ નિયત સમયમર્યાદામાં કામ પૂર્ણ ન કરનાર એજન્સીઓ સામે તાકીદે કાર્યવાહી કરવા સાંસદે સૂચના આપી હતી.

ગારિયાધારના મેસણકા ગામે લોક દરબાર યોજાયો

ભાવનગર, બુધવાર

ગારિયાધાર તાલુકાના મેસણકા ગામે આજરોજ પાલિતાણા નાયબ પોલીસ અધિક્ષક મીહિર બારીયાની અધ્યક્ષતામાં અને ગારિયાધાર પીઆઈ આર.ડી.રબારીની ઉપસ્થિતિમાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક ગ્રામજનો જોડાયા હતા. જેમાં કાયદો વ્યવસ્થા અને અસામાજીક પ્રવૃતિને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. તેમજ બાકી રહેલા પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવા સ્થાનિક પોલીસને સૂચના આપવામાં આવી હતી.

શહેરમાં સિંધી શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

ભાવનગર, બુધવાર

હેમુ કાલાણી ફાઉન્ડેશન અને સિંધી જનરલ પંચાયત યુવા વિંગના સહયોગથી તાજેતરમાં સિંધી શિક્ષક સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મેયર ઉષાબેન તલરેજા, નરોડાના ધારાસભ્ય પાયલબેન કુકરાણી સમાજના વિવિધ ક્ષેત્રના વરિષ્ઠ અગ્રણીઓના હસ્તે સમાજના ઘડવૈયા સિંધી શિક્ષકોનું મોમેન્ટો, શાલ અને સન્માનપત્ર આપીને અભિવાદન કરવામાં આવ્યુ હતુ.

ઘોઘામાં એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું

ભાવનગર, બુધવાર

વિકાસશીલ તાલુકો, ઘોઘાની ગ્રાન્ટમાંથી મોબાઈલ હેલ્થ યુનિટ ઘોઘા માટે મંજુર કરવામાં આવેલી ગ્રાન્ટમાંથી રૂા ૨૦ લાખના ખર્ચે ખરીદવામાં આવેલી એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ભાવનગર જિલ્લા પંચાયતના પ્રમુખ અશોકભાઈ લાધવા, ઉપપ્રમુખ સુજાનસિંહ ગોહિલ, કારોબારી ચેરમેન, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન અન્ય સહપદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ ટચુકડી જાહેરખબર
CLASSIFIEDS CALL : 8799236052

જોઈએ છે

સરકાર માન્ય
કંપનીમાં કાયમી ધોરણે અનુભવી- બિનઅનુભવી ઉત્સાહી છોકરા- છોકરીઓની ભરતી મહિને કમાઓ 18,500થી 25500 બોનસ + પ્રમોશન + રહેવા જમવાની સગવડ ફ્રી (ગ્રામ્ય વિસ્તારને પ્રથમ પસંદગી) 93136 11804

જોઈએ છે
ઘરેથી કામ કરો મોબાઈલ એસએમએસ નોકરી યુવક, યુવતીઓ, વિદ્યાર્થી ગૃહિણી પાર્ટ/ ફુલ ટાઈમ સેલેરી.18600/- બાયોડેટા વોટ્સઅપ કરવો. 9109771369

ફિમેલ સ્ટાફ
જોઈએ છે. ફુલટાઈમ લાયકાત 12 પાસ/ ગ્રેજ્યુએટ ઉમર 18થી 35 વર્ષ સંપર્ક ગુરુવાર બપોરે 2થી 4 સ્થળ અમર ફિજોયો ક્લીનીક વર્ધમાન એરાઈઝ કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર કાળુભા રોડ, બાયોડેટા સાથે રૂબરૂ મળવું.

બહેનોની જરૂર
સિલાઈ કામ માટે કારીગર બહેનોની જરૂર છે. શિવાજી સર્કલ પાસે, ભાવનગર. મો. 9033867945.

જોઈએ છે
માત્ર લેડીઝ માટે હોસ્પિટલમાં ફુલટાઈમ સ્ટાફની જરૂર લખતા-વાંચતા સ્કૂટર આવડતું હોય મો. 7861931813.

માણસ જોઈએ
ઉમર 20 થી 30 વર્ષ સાઈટ પર જઈ કામ કરી શકે તથા ઓફિસ કામ કરી શકે કોમ્પ્યુટરનું સામાન્ય નોલેજ જરૂરી. લાયકાત 12 પાસ મો.8866067627.

જોઈએ છે
AIM LTD કંપની માટે મેનેજર, સહાયક મેનેજર, સ્ટોરકીપર, રિશેપ્સનીસ્ટ 10 TO ગ્રેજ્યુએટ યુવક- યુવતીઓ ફોટા, તથા બાયોડેટા સાથે ઈન્ટરવ્યૂ માટે રૂબરૂ મળો. મો.+91 8320547263.

વેચવાનું છે

ખરીદવા માટે
સીદસર જેવા ડેવલોપીંગ વિસ્તારમાં ખુબજ વ્યાજબી ભાવે નાના મોટા પ્લોટ, ખેતી કે બિન ખેતી જમીન ખરીદવા માટે આજે જ રજીસ્ટ્રેશન કરાવો માઁ રિયલ એસ્ટેટ & ડેવલોપર્સ. મો.9979200300.

"શિવ એસ્ટેટ"
જમીન, મકાન, પ્લોટ, કોમર્શિયલ વેચાણ તથા ભાડે લેવા તથા વેચવા માટે સંપર્ક કરો. (મિતભાઈ ભટ્ટ) 9925308768, 9723522539.

પ્લોટ વેચવાના
ઈસ્કોન સેક્ટર- 10 તરસમીયા, ખોડિયારનગર, મહાદેવનગર, માધવનગર, શિવ સાગર સ્વપ્ન સુષ્ટિ, ચન્દ્ર પાર્ક, વસંત વિહાર રેખા મો. 9974180460.

મુસ્લિમ બિરાદરોમાટે
ફ્લેટ ડિપોઝિટ ઉપર આપવાનો છે મહિલા કોલેજ પાસે ડિપોઝિટ 7 લાખ મેન્ટેનન્સ 1500 mo. 9724191010

ટેનામેન્ટ વેચવાનું
ચંદ્રોદય પાર્ક, અક્વાડા ગુરૂકુળ પાછળ, 96 વાર 2BHK ટાઈટલ ક્લીયર ઉત્તમ બાંધકામ પાણીની ફુલ સગવડ લોનેબલ શાંતિ પૂર્ણ વાતાવરણ શિવ શક્તિ ડેવલપર મો.9904530511, 8905031001.

ભાડે જોઈએ છે

ભાડે જોઈએ
ફ્લેટ, ટેનામેન્ટ, બંગ્લોઝ તેમજ કોમર્શિયલ પ્રોપર્ટી સારા અને નોકરિયાત ટ્રાન્સફરેબલ જોબ વાળા લોકો માટે ભાવનગરના સારા લોકાલોટી વાળા વિસ્તારમાં ચાલે 8780884385.

તાત્કાલિક ભાડે
જોઈએ ટેનામેન્ટ ફ્લેટ રૂમો સેમીફર્નિશ ફુલ્લીફર્નિશ ગવર્મેન્ટ પ્રાઈવેટ નોકરિયાત શિક્ષક બિઝનેસમેન વેપારીઓ માટે 5000થી 25000 સદગુરુ એસ્ટેટ 7284939495

ભાડે આપવાનું છે

ભાડેથી આપવાના
લકઝરીયસ પ્રોપટી ફ્લેટ, ટેનામેન્ટ, બંગ્લોઝ, ઓફિસ, શોપ ફર્નિસ્ટ એન્ડ સેમી ફર્નિસ્ડ ભાવનગરના પ્રાઈમ લોકાલિટી વાળા વિસ્તારમાં વાઘાવાડી, હિલડ્રાઈવ, ઈસ્કોન, કાળીયાબીડ, વિજયરાજનગર, વિધાનગર, રૂપાણી, મહિલાકોલેજ, લીલાસર્કલ, ટોપ-થ્રી, રિંગરોડ તેમજ અન્ય વિસ્તારમાં આપની રીક્વાયમેન્ટ મુજબ મળશે. 9574716054.

દુકાન ભાડે
ભાવનગર એરપોર્ટ રોડ - ટચ બે દુકાન ભાડે આપવાની છે. mo. 6353867081

તાત્કાલિક ધોરણ દમણમાં ફાસ્ટ ફુટ માટે દુકાન ભાડે આપવાની છે. 9909939898

ધંધાદારી

જય અંબે
આલ્ફા અર્જન્ટ રીપેરીંગ વોશીંગમશિન ફ્રીઝમાં.ઓવન સ્પેર પાર્ટસ ભાવનગર બુક સ્ટોલ સામે ખાઈવાળો ખાંચો હાઈકોર્ટ રોડ ચંદ્રેશ જાની 9824458114

તક્ષ ફ્રીઝ
વોર્શિંગમશીન. કંપનીના અનુભવી કારીગર દ્વારા વ્યવસ્થિત ખાત્રીપૂર્વક P.V. સીસ્ટમ પદ્ધતિથી અર્જન્ટ રીપેરીંગ કરી આપીશું. મેહુલભાઈ રાવળ 9925914084

સંગીત વર્ગો
કંઠ્ય શાસ્ત્રીય સંગીત પાયાથી શીખો. હાર્મોનિયમ સાથે. માત્ર બહેનો તેમજ બાળકો માટે. સરકાર માન્ય સર્ટિફિકેટ કોર્સ. એરિયા-હિલડ્રાઈવ. સંપર્ક- 9879490010.

વાંચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાહેંધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેર ખબર મેનેજર

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા, જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૦૫.૧૦.૨૦૨૬

સિકયોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૦૫.૧૦.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	રહેણાંક પ્લોટ નં. ૭ : જેના સર્વે નં. ૧૪૧ પી, વિસ્તાર ૩૯૬.૯૨ સ્કે.મી., સર્વે નં. ૧૪૧ પી, પ્લોટ નં. ૮, જેનો વિસ્તાર ૪૧૩.૦૩ સ્કે.મી. અને સર્વે નં. ૧૪૧ પી, પ્લોટ નં. ૧૦ જેનો વિસ્તાર ૫૬૯.૫૭ સ્કે.મી., ગામ રોયલ, તાલુકો તળાજા, જી. ભાવનગર ખાતે સ્થિત છે. (Property ID: SBIN100000761755)	તા. ૨૯.૦૭.૨૦૨૪ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૮,૮૯,૭૩,૭૦૨.૪૬ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. ત્યારબાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૦.૦૬.૨૦૨૬)	(૧) ગજાનંદ જીનીંગ એન્ડ પ્રેસીંગ પ્રા.લી., (૨) રાજુભાઈ ગોરધનભાઈ કુકડીયા, (૩) લખમણભાઈ શામજીભાઈ કુકડીયા, (૪) તુલસીભાઈ વશરામભાઈ કુકડીયા (૫) કિશોરભાઈ વશરામભાઈ કુકડીયા, (૬) નરેશભાઈ ગોરધનભાઈ કુકડીયા, (૭) મધુબેન લક્ષ્મણભાઈ કુકડીયા, (૮) મૃતક પ્રેમજીભાઈ વલ્લભભાઈ કુકડીયાના કાયદાકીય વારસદારો - પિયુષભાઈ પ્રેમજીભાઈ કુકડીયા, રસીલાબેન પ્રેમજીભાઈ કુકડીયા અને સતીશભાઈ પ્રેમજીભાઈ કુકડીયા, (૯) મૃતક ભટુરભાઈ ઝવેરભાઈ ધામેલીયાના કાયદાકીય વારસદારો - મનુબેન ભટુરભાઈ ધામેલીયા, કિશોરભાઈ ભટુરભાઈ ધામેલીયા, બળવંતભાઈ ભટુરભાઈ ધામેલીયા અને ભદ્રેશભાઈ ભટુરભાઈ ધામેલીયા, (૧૦) મૃતક વલ્લભભાઈ માવજીભાઈ કુકડીયાના કાયદાકીય વારસદારો - લીલીબેન વલ્લભભાઈ કુકડીયા, ગોવર્ધનભાઈ વલ્લભભાઈ કુકડીયા, પ્રવીણભાઈ વલ્લભભાઈ કુકડીયા અને ગીતાબેન વલ્લભભાઈ કુકડીયા	શ્રીમતી મધુબેન લક્ષ્મણભાઈ કુકડીયા	રૂા. ૪૨,૭૭,૦૦૦ ----- રૂા. ૪,૨૭,૭૦૦ ----- રૂા. ૧૦,૦૦૦	૨૫.૦૯.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૦૫.૧૦.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યકે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".
તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદ કુમાર ઓઝા : મોબાઈલ નંબર ૯૦૦૯૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે - મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com **પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર** M/s. PSB Alliance Pvt. Ltd. **દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ** https://baanknet.com **પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડિટર વેબસાઈટ** https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions **માં આપેલી લિંકનો સંદર્ભ લો.**

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ જામીનદારોને ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલકતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચૂકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચૂકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૧૭.૦૯.૨૦૨૬, સ્થળ : રાજકોટ **(નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે)** **સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ**

CHANGE IN NAME
I undersigned here by declare that i have changed my name from
MEHTA KETANBHAI NAVINCHANDRA
TO
MEHTA KETANKUMAR N.
Sd/- MEHTA KETANKUMAR N.

નામ બદલાવેલ છે
આથી મેં મારૂ નામ **નાવડીયા રચિતાબેન ધર્મિલ** માંથી બદલીને **નાવડીયા રચિતા ધર્મિલભાઈ** કરેલ છે. જેની સર્વે એ નોંધ લેવી.
સહીઃ **નાવડીયા રચિતા ધર્મિલભાઈ**

શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.
મોરારજી દેસાઈ નાગરિક બેંક ભવન, ડોન ચોક, કૃષ્ણનગર, ભાવનગર

બેંકની શાખા માટે જગ્યા ભાડે અથવા વેચાણથી જોઈએ છે

ભાવનગર ૧૫૦ ફુટ રીંગ રોડ વિસ્તાર
ભાવનગરના ૧૫૦ ફુટ રીંગરોડ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ૧૦૦૦ થી ૧૨૦૦ ચો.ફુટ કારપેટની જરૂરીયાત છે. જગ્યા ટાઈટલ કલીયર, પાર્કીંગ અને અન્ય સુવિધા સાથે ભાડે/અથવા વેચાણથી લેવાની છે તો તા. ૨૮/૦૯/૨૦૨૬ સુધીમાં હેડ ઓફીસના સરનામે જરૂરી પુરાવા સાથે અરજી રજુ કરવી.

સુરત વરાછા રોડ વિસ્તાર
સુરતમાં વરાછા રોડ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ૧૦૦૦ થી ૧૨૦૦ ચો. ફુટ કારપેટની જરૂરીયાત છે. જયા ટાઈટલ કલીયર, પાર્કીંગ અને અન્ય સુવિધા સાથે ભાડે/અથવા વેચાણથી લેવાની છે તો તા. ૨૮/૦૯/૨૦૨૬ સુધીમાં હેડ ઓફીસના સરનામે જરૂરી પુરાવા સાથે અરજી રજુ કરવી.

ભાવનગર તા. ૧૬/૦૯/૨૦૨૬ **(એન.એમ.વેગડ) જનરલ મેનેજર**
VIVEK

https://epaperstatic.gujaratsamachar.com/epaper/20260917-6aaaf6bb9f6df5762856-17092026_BVN-17.jpg 1/1